This Question Paper contains 8 printed pages.
(Sections - A, B, C & D)

Sl.No. [

# 01 (G)

(FEBRUARY-MARCH, 2025)

Time : 3 Hours] [Maximum Marks : 80

સૂચનાઓ :

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ A, B, C અને D તથા 1 થી 56 પ્રશ્નો છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.
5) સૂચના પ્રમાણે આકૃતિઓ સ્વચ્છ, સ્પષ્ટ અને પ્રમાણસર દોરવી.
6) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.

## વિભાગ – A [20]

અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો. [4]

| (અ) ઉક્તિ | (બ) પાત્ર |
|---|---|
| 1) "હા બેટા, ચાલ, બહુ મોડું થઈ ગયું." | (અ) ડુંગર |
| 2) "બોડીને તાં વળી કાંહકી કેવી?" | (બ) આંબા પટેલ |
| 3) "આપણી બબલીની જ પગલી જાણે!" | (ક) ડુંગરની પત્ની |
| 4) "બાપ ઢેલ, તેં આજ જીવતરનાં દાન દીધાં છે." | (ડ) વિનુકાકા |
| | (ઈ) જીવલો |

બ) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. [4]

5) 'ભૂલી ગયા પછી' કૃતિ .............. મૂળ સંગ્રહમાંથી લેવામાં આવી છે.

('કોઈવાર થાય કે', 'ત્રીજો પુરુષ', 'માનવીની ભવાઈ')

6) 'છત્રી' કૃતિમાં ભુલકણાપણામાંથી ............ નિષ્પન્ન થાય છે.

(કરુણા, પ્રશંસા, નિર્દોષહાસ્ય)

7) વટપત્રમાં સૂતેલા ભગવાનના મોઢા પર ............... હાસ્ય હતું.

(મદનમોહન, ચૌદસોહન, ભુવનમોહન)

8) 'ડાંગવનો અને ...' કૃતિમાં લેખક કવિ ............... ને યાદ કરે છે.

(રાજેન્દ્ર શાહ, રાજેશ પટેલ, રાજેન્દ્ર શુક્લ)

ક) નીચે આપેલ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. [2]

9) હોસ્પિટલની શોભામાં શાનાથી વધારો થઈ શકે?

10) 'હિમાલયમાં એક સાહસ' કૃતિમાંથી શું પ્રગટ થાય છે?

ડ) નીચે આપેલ પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો. (ગમે તે બે) [4]

11) લેખકે રાતા રંગના ચોપડાના બધાં જ પાનાં શા માટે ચીરી નાખ્યા?

12) વિરાટભાઈએ મનીષા અને નરેનની સગાઈની શા માટે ના પાડી?

13) ભગવદ્ ગીતા વિશે ગાંધીજીનો અભિપ્રાય જણાવો.

[6]

ઈ) નીચેના પ્રશ્નોના આઠ-દસ વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો. (ગમે તે બે)

14) 'રેસનો ઘોડો' કૃતિને આધારે બાળકના ઘડતરમાં અડચણરૂપ બનતાં પરિબળો વિશે જણાવો.

15) 'ભૂખથીય ભૂંડી ભીખ' પાઠને આધારે કાળુનું પાત્રાલેખન કરો.

16) ઢેલ ઘોડીની વફાદારી અને ખાનદાની વિશે વિગતે વર્ણવો.

[20]

## વિભાગ – B

અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો. [4]

| (અ) સાહિત્યકાર | (બ) સાહિત્ય કૃતિ |
|---|---|
| 17) વિનોદ જોશી | (અ) શીલવંત સાધુને |
| 18) રાવજી પટેલ | (બ) એક બપોરે |
| 19) જયંત પાઠક | (ક) હું એવો ગુજરાતી |
| 20) ગંગાસતી | (ડ) ચાંદલિયો |
| | (ઈ) વતનથી વિદાય થતાં |

બ) નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. [4]

21) ગંગાસતીએ ............... ને નજર સામે રાખી ભજનો રચ્યાં છે.

(મીરાંબાઈ, ડાલીબાઈ, પાનબાઈ)

22) મોરલીના આભમાં .............. ના નામનો મયંક ઊગે છે.

(રામ, શ્યામ, રાધા)

23) કુટુંબજીવનના સંબંધોનું મધુર ચિત્ર ............ કાવ્યમાં છે.

(એક બપોરે, ચાંદલિયો, શિકારીને)

24) વતનથી વિદાય થતાં કવિ વતન પ્રત્યેનો ............ અનુભવે છે.

(પમરાટ, ખટરાગ, તલસાટ)

ક). નીચે આપેલ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. [2]

25) ગરીબ સ્ત્રીની ચૂંદડી ક્યાં સુધી સાથે રહે છે?

26) કવિની દૃષ્ટિએ ભારવાળો મુગટ એટલે શું?

ડ) નીચે આપેલ પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે) [4]

27) પક્ષીને પામવા કવિ શું કરવાનું કહે છે?

28) કવિ ક્યાં સુધી મહુડીની છાંય તળે પડી રહેવા માગે છે?

29) 'ચાંદલિયો' કાવ્યમાં કાવ્યનાયિકા સખીને પોતાના પતિ વિશે શું કહે છે?

ઈ) નીચે આપેલ પ્રશ્નોના આઠ-દસ વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો. (ગમે તે બે) [6]

30) 'વૈષ્ણવજન' કૃતિને આધારે વૈષ્ણવજનનાં લક્ષણો વર્ણવો.

31) 'દીકરી' કાવ્યને આધારે દીકરીનો ઉછેર કેવી રીતે થવો જોઈએ? તે તમારા શબ્દોમાં લખો.

32) 'બોલીએ ના કાંઈ' કાવ્યમાં કવિ માણસને શો જીવનબોધ આપે છે?

## વિભાગ – C [20]

- **માગ્યા પ્રમાણે ઉત્તર લખો.**

**આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.**

33) નીચેના શબ્દોની સાચી જોડણી શોધીને લખો. [1]

- કીડીયારુ (કિડિયારુ, કિડિયારું, કીડિયારું)
- સન્નીધી (સન્નીધિ, સંન્નિધિ, સન્નિધિ)

34) 'ચાતુર્માસ' શબ્દની સાચી સંધિ છોડો. [1]

(ચતુ + માસ, ચાતુ: + માસ, ચાતુ + માસ)

35) 'તેજપુંજ' શબ્દનો સમાસ ઓળખાવો. [1]

(તત્પુરુષ સમાસ, દ્વંદ્વ સમાસ, મધ્યમપદલોપી સમાસ)

36) નીચે આપેલ બન્ને શબ્દોના જોડણીભેદે થતો અર્થભેદ જણાવો. [1]

સૂર (વેદ, નાદ, દેવ)

સુર (દેવ, ગંધર્વ, દાનવ)

37) 'ભાવાર્દ્ર બનીને એ તો નજરની પીંછીને ધૂળ ઉપર પસવારી રહી હતી.' વાક્યમાંનો અલંકારનો પ્રકાર જણાવો. [1]

(યમક, વ્યતિરેક, રૂપક)

38) 'સુરક્ષિત' શબ્દમાં ક્યો પ્રત્યય રહેલો છે તે જણાવો. [1]

(પર પ્રત્યય, પૂર્વ પ્રત્યય, એકપણ નહીં)

39) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ શોધીને લખો. [1]

- ઓથ (વિહાર, સહારો, પ્રહર)
- સાંજ (શણગાર, શમણું, સંધ્યા)

40) 'કંચન' સંજ્ઞાનો આપેલા વિકલ્પોમાંથી સાચો પ્રકાર શોધીને લખો. [1]

(જાતિવાચક સંજ્ઞા, દ્રવ્યવાચક સંજ્ઞા, ભાવવાચક સંજ્ઞા)

• નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો. [1]

41) નીચેના રૂઢિપ્રયોગનો અર્થ જણાવો.

- દાવપેચ રમવા

[1]

42) નીચે આપેલ કહેવતનો અર્થ લખો.

- બાંધી મૂઠી લાખની.

[1]

43) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

- શબને ઓઢાડવાનું લૂગડું

[1]

44) નીચેના શબ્દ માટે વિરોધી શબ્દ આપો.

- શ્યામ

45) નીચેના વાક્યને કર્તરિ વાક્યમાં ફેરવો. [1]

- જશોદામૈયાથી કૃષ્ણકુંવરને શણગારાયા.

46) નીચેના તળપદા શબ્દનું શિષ્ટરૂપ લખો. [1]

- ખોભણ

47) નીચેના વાક્યમાંથી વિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો. [1]

- તીર્થ થોડાં ડગલાં આગળ ચાલ્યો.

48) નીચેના વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો. [1]

- તે ઘર કદી ન જઈએ કંચન વરસે મેહ.

49) 'સૌંદર્ય' શબ્દના ધ્વનિઘટકો (સ્વર-વ્યંજન) છૂટા પાડો. [1]

50) નીચેના વાક્યનું પ્રેરક વાક્યમાં રૂપાંતર કરો. [1]

- આપણે પ્રેમશૌર્યનું ગીત ગાઈએ.

51) નીચેની પંક્તિમાં રહેલો છંદ ઓળખાવો. [1]

- ભણતાં પંડિત નીપજે, લખતાં લહિયો થાય;
  ચાર ચાર ગઉ ચાલતાં, લાંબો પંથ કપાય.

52) 'યમનસભલગા' ક્યા છંદનું બંધારણ છે? [1]

## વિભાગ – D [20]

53) **નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં અર્થવિસ્તાર કરો.** [4]

"ત્રણ વાનાં મુજને મળ્યાં,
હૈયું, મસ્તક ને હાથ;
જા, ચોથું નથી માગવું,
બહુ દઈ દીધું નાથ."

અથવા

"શમે ના વેર વેરથી,
ટળે ના પાપ પાપથી;
ઔષધ સર્વ દુઃખોનું,
મૈત્રીભાવ સનાતન."

54) અતિવૃષ્ટિને કારણે સર્જાયેલી તારાજી અને જાનહાનિનો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો. [4]

55) નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. [4]

મનુષ્યનું જીવન તેના વિચારોથી જ ઘડાય છે, તેના વલણો અને ભાવનાઓથી જ સર્જાય છે. જીવનમાં દરેક વ્યક્તિએ ઊંચું ધ્યેય રાખવાનું છે, રંગીન સ્વપ્નો જોવાના છે અને તેને સાકાર કરવા સતત પ્રયત્નશીલ બનવું જોઈએ. ઊંચા ધ્યેયો અને તેને હાંસલ કરવા માટેનો સતત પુરુષાર્થ જ વ્યક્તિને પ્રગતિની પરાકાષ્ઠાએ કે શિખરે પહોંચાડી શકે છે, પરંતુ ઘણા માણસો નિષ્ફળ જવાના કાલ્પનિક ભયથી જ કે પછી ડરપોકપણાના કારણથી સામાન્ય પ્રકારના કાર્યોમાં જીવન વેડફી નાખે છે. તેઓ કઈ રીતે પ્રગતિ સાધી શકે? આને લીધે તે જીવનમાં મળેલી અમૂલ્ય તકો પણ વેડફાઈ જાય! ઈશ્વરે માનવને બળ, બુદ્ધિ અને કર્મ કરવાની સ્વતંત્રતા આપી છે. આથી હવે તેનો ઉપયોગ ક્યાં, કેવો અને કેટલો કરવો, તે વ્યક્તિએ પોતે વિચારવાનું છે. જો વ્યક્તિ ઊંચા જ નિશાન રાખે તો પર્વતની ટોચ હોય કે સાગરનું તળિયું હોય – એ સર્વે તેનાં હાથવેંતમાં જ હોય છે. અંગ્રેજીમાં પણ કહેવાય છે, 'Think Globally but act Locally' અર્થાત 'ભલે નિષ્ફળ કદાચ જવાય, પણ તમારું નિશાન કે ધ્યેય તો હરહંમેશ ઊંચું જ રાખો, રાખવું જ રહ્યું.'

56) ગમે તે એક વિષય પર આપેલા મુદ્દાને આધારે 250 શબ્દોમાં નિબંધ લખો. [8]

- માતૃભાષાનું મહત્ત્વ

  મુદ્દા : પ્રસ્તાવના – ભાષા – બોલીઓની વિવિધતા – માતૃભાષા શીખવાનું પ્રથમ સોપાન – શિક્ષણમાં માતૃભાષાનું મહત્ત્વ – માતૃભાષાને અપાતું પ્રોત્સાહન – તમારી નજરે માતૃભાષા – ઉપસંહાર.

અથવા

- નારી તું નારાયણી

  મુદ્દા : પ્રસ્તાવના – પ્રાચીન કાળમાં નારીનું સમાજમાં સ્થાન – માન – મહત્ત્વ – નારીની આજની સ્થિતિ – પશ્ચિમીકરણના નામે ફેલાતાં અનિષ્ટો – ભાવિ રાષ્ટ્રના નિર્માણમાં નારીનું યોગદાન – ઉપસંહાર.

અથવા

- વૃક્ષ ઉગાડો, પર્યાવરણ બચાવો.

  મુદ્દા : પ્રસ્તાવના – વૃક્ષોની પરોપકારિતા – વૃક્ષોની ઉપયોગિતા – વિવિધ પ્રદૂષણનો એક માત્ર ઉપાય – વૃક્ષ વગરની પૃથ્વીની કલ્પના – વૃક્ષનું જતન – સંવર્ધન – ઉપસંહાર.